## વાત ગાંધીનગરની

ગઈકાલ સાંજથી મેઘરાજાએ મહેર કરતા શહેરમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ગઈકાલે મેઘરાજાએ ધબધબાટી બોલાવી હતી જો કે આજે ઝરમર ઝરમર સ્વરૂપે પધારેલા મેઘરાજાએ પાટનગરને લીલુછમ્મ બનાવી દીધુ છે.

**વરસાદે પણ ટ્રેન્ડ બદલ્યો છે**

આ વર્ષે મેઘરાજા ગાંધીનગરમાં ઓફિસ અવર્સ પહેલા કે બાદ જ પધારે છે. મોટેભાગે સાંજે છ વાગ્યા પછી અને રાત્રે દસ વાગ્યા પહેલા ક્યારેક ધમાકેદાર તો ક્યારેક ઝરમર ઝરમર સ્વરૂપે આવે છે. પણ નોકરી ધંધાવાળાઓનો સમય ડીસ્ટર્બ કરતા નથી. આ વર્ષે વરસાદે પણ સાંજે સાંજે આવવાનો નિર્ણય કર્યો હોય એવું અત્યાર સુધી અનુભવાય છે.

**આઈપીએસની બદલીઓ આવે છે**

આગામી ૩૧મીએ રાજ્યના પોલીસવડા શિવાનંદ ઝા નિવૃત્ત થઈ રહ્યા છે તે પહેલાં ૩૫ થી ૪૦ અધિકારીઓ બદલાવવાનો સળવળાટ પોલીસભવન અને ગૃહ વિભાગ વચ્ચે ચાલી રહ્યો છે. કેટલાકને બઢતી સાથે બદલી તો કેટલાકની માત્ર બદલી કરાશે એવા પડીકા પોલીસભવમાં ચાલે છે. જો કે હજુ મગનુ નામ મરી પાડવા કોઈ તૈયાર નથી. કારણ કે લીલી ઝંડી તો હાઈ કમાન્ડ આપશે ત્યારે જ હુકમો થશે.

**કોર કમિટીને રજા નથી હોતી**

શનિવાર હોય કે રવિવાર, તહેવાર રાષ્ટ્રીય હોય કે ધાર્મિક કોર કમિટીની બેઠક દરરોજ નિયમિત દરરોજ પાંચ વાગે મુખ્યમંત્રીના બંગલે મળે એટલે મળે જ... કોરોના વાયરસના સંક્રમણના પ્રારંભથી આજ સુધી નિયમિત રાજ્યની કોરોના અંગેની છેલ્લામાં છેલ્લી સ્થિતિ અને નિયંત્રિત કરવાના ઉપાયોની રોજેરોજ ચર્ચાઓ થાય છે.

**ગરબા આયોજકો સોમવારે મુખ્યમંત્રીને મળશે**

નવરાત્રી ગરબા એટલે ગુજરાતની આગવી ઓળખ. હજુ નવરાત્રીને અઢી મહિના કરતાં વધુ સમય બાકી છે પરંતુ દરેક ગુજરાતીના મનમાં ઉચાટ છે કે આ નવરાત્રીએ ગરબા રમવા મળશે કે નહી. પરિસ્થિતિ અંગે કોઈ કહી શકે એમ નથી પરંતુ રાજ્યભરના જાણીતા ગરબા આયોજકો સોમવારે મુખ્યમંત્રીને મળવા ગાંધીનગર આવી રહ્યાં છે. સુરત, વડોદરા, રાજકોટ અને અમદાવાદ સહિતના ગરબા આયોજકોની માંગણી છે કે સપ્ટેમ્બરના ઉત્તરાર્ધમાં કોરોનાના કેસ ઘટતા જાય તો શરતી મંજૂરી આપવી જોઈએ. આમ છતાં રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ જ આયોજન કરવાની ખાતરી પણ આપવામાં આવશે.

**નવી હેરીટેજ પોલીસી આવી રહી છે**

'ખુશ્બુ ગુજરાત કી' કેમ્પેઈન બાદ ગુજરાતના પ્રવાસનને વેગ મળ્યો હતો પરંતુ કોરોના કાળમાં પ્રવાસન ઉદ્યોગ મંદ પડી જતાં પ્રવાસનને બેઠુ કરવા નવી એડવેન્ચર પોલીસી અને હેરીટેજ પોલીસી બનાવવામાં આવી રહી છે. ગુજરાતમાં આવેલા રાજા રજવાડાઓના મહેલો, કોઠીઓને સામાન્ય જનતા માટે ખુલ્લા મુકવા અને રાજસ્થાનની જેમ મહેલોને હોટલોમાં ફેરવવાની વિચારણા કરવામાં આવી રહી છે. સાથે જ એડવેન્ચર સ્પોર્ટસને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

**'અર્ક' આજનો...**

સત્ય મૌન રહે તો સૌ પૂજે છે સત્ય બોલવા લાગે તો સૌ ધ્રુજે છે.

# પુષ્યનક્ષત્રમાં કાચુ સોનુ વરસ્યુ

### જિલ્લામાં સાર્વત્રિક સરેરાશ બે ઈંચ વરસાદ નોંધાયો : માણસામાં સૌથી વધુ વરસાદ રાતના ૮ થી ૧૦ માં ૪ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં જિલ્લાના ચારેય તાલુકામાં ગઈકાલે વરસાદ જે રીતે પડ્યો વરસાદને કાચા સોના સાથે ખેડૂતો સરખાવી રહ્યા છે.



સાર્વત્રિક બે ઈંચ વરસાદ થતાં ખેડૂતો કાચુ સોનુ વરસ્યુ ગણી અને ખુશી વ્યક્ત કરી રહ્યા છે. તેનાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. પુષ્ય નક્ષત્રમાં હાથીના વાહન સાથે થયેલા આ

ગઈકાલે માણસામાં તો એક જ કલાકમાં ૩ાા ઈંચ કરતા પણ વધુ વરસાદ થયો હતો. માણસાના ખેડૂત આગેવાનોએ જણાવ્યુ હતુ કે ગઈકાલે રાત્રે જે વરસાદ પડ્યો તે તેના અસલ રંગમાં જોવા મળ્યો હતો. ઘણા વર્ષો પછી મેઘરાજાની આવી કૃપા વર્ષા જોવા મળી. જો કે રાત્રે ૧૦ વાગ્યા પછી પણ સવાર સુધી બીજો ૯ મી.મી. વરસાદ થયો હતો. આમ ગઈકાલે એકલા માણસા તાલુકામં જ ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો.

જ્યારે દહેગામ, ગાંધીનગર અને કલોલ તાલુકામાં ૪૦-૪૦ મી.મી. વરસાદ થયો હતો.

આ વરસાદના આગમન પછી ખરીફ ઋતુના વાવેતરના છેલ્લા તબક્કામાં ડાંગર, દિવેલા અને ફેર રોપણીના શાકભાજીના પાકોની વાવણીમાં વેગ આવશે. ખરીફ વાવણી ૧૫ ઓગષ્ટ સુધી થતી હોય છે. છેલ્લા તબક્કામાં ડાંગર અને દિવેલા ઉપરાંત ગુવારનું પણ વાવેતર નોંધાતુ રહ્યું છે.

રાજયના સત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ ચોમાસાની સિઝનનો ૩૮.૫૮ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

તાલુકાવાર જોઈએ તો દહેગામમાં અત્યાર સુધીમાં ૩૫૪ મી.મી., ગાંધીનગરમાં ૨૬૨ મી.મી., કલોલમાં ૨૧૦ મી.મી. અને માણસામાં ૩૮૦ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચારેય તાલુકામાં સિઝનનો અત્યાર સુધીમાં ૩૦૨ મી.મી. વરસાદ થઈ ચુક્યો છે. માણસા દહેગામ તાલુકામાં સિઝનનો અનુક્રમે ૪૭.૦૯ અને ૪૨.૭૪ ટકા વરસાદ નોંધાયો છે. ગાંધીનગરમાં ૩૬.૯૫ ટકા અને કલોલમાં ૨૬.૫૯ ટકા વરસાદ નોંધાયો છે.

**જિલ્લામાં સાંજે ૬ થી ૮ દરમ્યાન ક્યાં કેટલો વરસાદ**

| | |
|---|---|
| ગાંધીનગર | ૧૨ મી.મી. |
| દહેગામ | ૧૪ મી.મી. |
| માણસા | ૧૬ મી.મી. |
| કલોલ | ૨૦ મી.મી. |

જિલ્લામાં આજે સાંજે પણ વરસાદના હળવા ઝાપટા નોંધાયા છે. બીજી તરફ દાંતીવાડા કૃષિ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બીજા દિવસે પણ મેઘરાજા મહેરબાન

### શુક્રવારે રાત્રિના ધોધમાર વરસાદ બાદ સતત બીજા દિવસે સાંજે પણ મેઘરાજા મહેરબાન : બે દિવસમાં બે ઇંચ વરસાદ : મોડી સાંજે વાદળ ગર્જના વચ્ચે વરસાદી માહોલ યથાવત : જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૩૮.૫૮ ટકા વરસાદ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં ગઈકાલે રાત્રિના સમયે અચાનક જ ધોધમાર વરસાદ વરસતા પલવારમાં જ શહેર પાણી પાણી થઈ ગયુ હતુ. માત્ર એક જ કલાકમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે આજે સાંજે પણ વરસાદના ભારે ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી શહેરમાં સિઝનનો ૧૬ ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે જિલ્લામાં પણ અત્યાર સુધી સિઝનનો ૩૮.૫૮ ટકા વરસાદ વરસ્યો છે. સાર્વત્રિક વરસાદથી ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

ગાંધીનગરમાં ગઈકાલે દિવસના ઉકળાટ બાદ રાત્રિના સમયે અચાનક જ વાતવારણમાં નાટયાત્મક પલ્ટો આવ્યો હતો આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. રાત્રિના સમયે વિજચમકારા અને વિજકડાકા સાથે વરસાદ તુટી પડયો હતો. પલવારમાં જ શહેરમાં ચોમેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. શહેરમાં એક કલાકમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદના લીધે સેકટરોના આંતરિક માર્ગો તેમજ સેકટરોના કોમન પ્લોટમાં પાણી ભરાઈ ગયા હતા. જયારે શહેરમાં આજે સવારથી વાદળિયા વાતાવરણ સાથે સાંજના સમયે અચાનક જ આકાશમાં વરસાદી વાદળો છવાઈ ગયા હતા જયારે થોડીવારમાં જ વરસાદ વરસવાનુ શરૂ થઈ ગયુ હતુ. વરસાદના ભારે ઝાપટાના અંતે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. સાંજના સમયે વરસાદી ભીંજારાથી જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર





# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૪ કેસ

### સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત : ગાંધીનગરમાં ૧૧, કલોલમાં ૬, માણસામાં ૩ અને દહેગામમાં ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૨૪ કેસ નોંધાયા છે. આજે સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત થયા છે. આ સાથે જિલ્લામાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૬૩ પર પહોંચી છે.

મળતી વિગતો મુજબ માણસાના એક દર્દીનું અને કલોલ તાલુકાના ધમાસણાના એક વૃદ્ધનું સારવાર દરમ્યાન અવસાન થયુ છે. જિલ્લામાં સારવાર દરમ્યાન અવસાન પામી રહેલ દર્દીઓની વધતી જતી ટકાવારીને લીધે જિલ્લાતંત્રની ચિંતા વધવા પામી છે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૪ કેસ નોંધાયા છે જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૧, દહેગામમાં ૪, માણસામાં ૩ અને કલોલમાં ૬ કેસ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના રાયસણ ગામેથી ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જે તમાકુના વેપાર સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે.

કોરોના માટે હોટસ્પોટ બનેલ કુડાસણમાંથી પણ આજે ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દી વ્યવસાયે ખાનગી તબીબ છે. જે મહેસાણા જિલ્લામાં પ્રેકટીસ કરતા હોવાનું જાણવા મળેલ છે.

આવા જ બીજા હોટસ્પોટ ગમાતા અડાલજમાંથી આજે બે મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. અડાલજ એ તેની પ્રસિદ્ધ વાવને કારણે પ્રવાસધામ તરીકે પણ વિકસેલુ છે. અડાલજમાંથી આજે એક ૩૬ વર્ષીય મહિલા અને ૩૪ વર્ષીય મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

પેથાપુરમાંથી એક ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નવા પાલજમાંથી પણ એક ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ પાંચ કેસ નોંધાયા

### બોરીજ, સે. ૫, સે. ૨૫, સે. ૬-સી માંથી કેસ મળ્યા : બોરીજમાંથી બે સગા ભાઈનો રિપોર્ટ પોઝીટીવ : કૃષિભવનના આસિ. ડાયરેક્ટર પણ કોરોનાની ઝપટમાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૧૫ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસોમાં લેબ. ટેકનીશ્યન, બેંકના કલાર્ક, આસી. ડાયરેકટર તેમજ સુપરવાઈઝરનો સમાવેશ થાય છે. શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૫ માં રહેતા અને સે. ૨૮ ની જી.આઈ.ડી.સી.માં આવેલ એક ઔદ્યોગિક ગૃહમાં સુપરવાઈઝરની નોકરી કરતા ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને તંત્રને લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ તે મંજૂર રાખેલ છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દીના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

બોરીજ ગામમાંથી બે સગા ભાઈઓનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે ૨૫ વર્ષનો યુવાન જે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લેબ. ટેકનીશ્યન તરીકે સેવાઓ આપે છે અને ૨૯ વર્ષનો મોટો ભાઈ જે ફર્નિચરના વ્યવસાય સાથે સંકળાયેલ છે. આ બન્ને ભાઈના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ બન્ને ભાઈના પરિવારના અન્ય ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

ઉના જિ. જુનાગઢમાં એસ.બી.આઈ.માં

● અનુસંધાન પાન-૭ પર

## સ્વનિર્ભર શાળાઓ દ્વારા સોમવારથી ફરી ઓનલાઈન શિક્ષણ આરંભાશે

ગાંધીનગર, તા.૨૫

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળની મળેલી બેઠકમાં નિર્ણય કરાયો હતો કે, ૨૭મીથી રાજયભરની સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓને ફરી ઓનલાઈન શિક્ષણ કોઈપણ જાતની શરત વિના શરૂ કરાશે.

મહામંડળે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓની હિતને હૈયે રાખીને નિર્ણય કર્યો છે. આ ઉપરાંત કર્મયોગી શિક્ષકો અને સંનિષ્ઠ કર્મચારીઓ પાસેથી પુરો વિશ્વાસ મેળવી રાજયની ૧૯ હજાર જેટલી શાળાઓ સોમવારથી તેમના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણથી વાતાવરણ ધબકતું કરશે.

વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા દૂર કરવા મહામંડળ તેમના હિતમાં આ નિર્ણય કર્યાનું મંડળના ઉપપ્રમુખ પ્રહર અંજારિયાએ જણાવ્યું હતું.

## શાળાઓ શરૂ કરવાના મામલે ત્રણ વિકલ્પને ધ્યાને લઈ બેઠક યોજાઈ

**શિક્ષણ બોર્ડના અધ્યક્ષ સહીત શિક્ષણ વિભાગના અધિકારીઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં ચર્ચા વિચારણા હાથ ધરાઇ : જો કે હજુ આગામી દિવસોમાં વધુ એક બેઠકનુ આયોજન**

ગાંધીનગર તા ૨૫

શિક્ષણ બોર્ડના અધ્યક્ષ તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓની હાજરીમાં એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી જયારે આ બેઠક દરમિયાન સંભવિત સ્થિતને ધ્યાને લઈને શાળાઓ શરૂ કરવાના મુદ્દે વિવિધ ત્રણ વિકલ્પો મુજબ આયોજન કરવા માટે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જો કે આ અંગેના આયોજનને આખરી કરવા માટે પણ આગામી દિવસોમાં હજુ બેઠક યોજાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી ખાતે એક બેઠક યોજવામાં આવી હતી જેમાં શિક્ષણ બોર્ડ ના અધ્યક્ષ તેમજ શિક્ષણ વિભાગની અન્ય કચેરીના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ બેઠક દરમિયાન વર્ષ ૨૦૨૦-૨૧ માટે શૈક્ષણિક કાર્યના દિવસો, વેકેશનના દિવસો, સ્થાનિક રજાઓ, પરીક્ષાનુ

● અનુસંધાન પાન-૭ પર

**Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd**

Tender Inviting for Below Mentioned Material supply for Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd. The Bidder should submit Technical Bid, tender fee and EMD in cover separately. The bidding should be done through http://www.nrprocure.com only. The right is reserved to managing Director ro accept, reject or cancel the tender/offer

| | | |
|---|---|---|
| Purchase of Madhur Multicolour Printed Sweet Tray cover dew drop and Pasting in altima paper 300 GM 4 color printing. as per our different 16 Product of 250 GMs & 500 GMs Cap. Name & Procudt Photo and different color and different quantity of product box of 250 Gm and 500 Gm size, description and proccess is below (1) 250 Gm Cap. Size - 105 x 45mm x 145mm 300 gm Altima paper 4 color printing with dew drop and Pasting. Apro. qty yearly Cap- 1,25,000 Nos. (2) 500 gm Altima paper 4 Color printing with dew drop and Pasting Apro. qty yearly Cap - 1,25,000 Nos. | Bid document downloding start Date : 24-7-2020 Last Date of online submission of tender : 31-7-2020 | Physical submission of documents : 4-8-2020 |

**Managing Director**
Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd
"K" Road, G.I.D.C. Electronics Extate, Sector-25, Gandhinagar-382024.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com